અપીલ અરજી નં.૨૮૪ તા.૭–૧૨ –૧૦/૧૧
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ– શ્રી પ્રકાશભાઈ પુનમાજી મીસ્ત્રી
સામાવાળાઃ– એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી પ્રકાશભાઈ પુનમાજી મીસ્ત્રીની આઈ ડી નં.૨૮૫ તા.૨૭–૧૦–૧૦ ની અરજીથી મુદ્દા નં.(૧) ટેના નં.૨૭સી–૧૫–૩૩૨૧–૦–૦૦૧ થી ૦૦૪ કે જે અંબર કોલોનીમાં આવેલા પ્લોટ નં.૨૦૫ વાળી મિલ્કતને લગતો છે તેના એસેસમેન્ટ રજીસ્ટરમાંથી નામ કમી કરી બાબુભાઈ પુનામાનજી મીસ્ત્રીનું નામ જે દસ્તાવેજ પુરાવાના આધારે દાખલ કર્યુ હોય તેની નકલ તથા કમી કરતાં પહેલા તેની જાણ કરવા માટે જો કોઈ કાર્યવાહી કરવામાં આવી હોય તો તેની માહિતી વિગેરે મુદ્દા નં.૧ થી ૨ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૭–૧૨–૧૦ ની **SMC/FAP/** નં.૨૮૪/૨૦૧૦–૧૧

શ્રી પ્રકાશભાઈ પુનમાજી મીસ્ત્રીની આઈ ડી નં.૨૮૫ તા.૨૭–૧૦–૧૦ ની અરજીથી મુદ્દા નં.(૧) ટેના નં.૨૭સી–૧૫–૩૩૨૧–૦–૦૦૧ થી ૦૦૪ કે જે અંબર કોલોનીમાં આવેલા પ્લોટ નં.૨૦૫ વાળી મિલ્કતને લગતો છે તેના એસેસમેન્ટ રજીસ્ટરમાંથી નામ કમી કરી બાબુભાઈ પુનામાનજી મીસ્ત્રીનું નામ જે દસ્તાવેજ પુરાવાના આધારે દાખલ કર્યુ હોય તેની નકલ તથા કમી કરતાં પહેલા તેની જાણ કરવા માટે જો કોઈ કાર્યવાહી કરવામાં આવી હોય તો તેનીમાહિતી. વિગેરે મુદ્દા નં.૧ થી ૨ ની માહિતી આપવા બાબતે મળેલા પ્રતિભાવ મુદતમાં મળેલ નથી તથા મુદત પછી જે માહિતી આપી છે તે અધૂરી છે તેવું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૭–૧૨–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા સાથે અપીલના મુદ્દા અંગે તેમનો પક્ષ પણ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૦૮૦ તા.૨૨–૧૨–૧૦ થી એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) તથા અરજદારને અપીલ અરજીમાં જાહેર હિત અગત્યનું હોવાનું વાજબીપણું તથા તેઓ હિત ધારક હોવાના પુરાવા હોય તો તે રજૂ કરવા તથા ત્રાહિત શ્રી બાબુભાઈ પુનમજી મીસ્ત્રીને અપીલ અરજીમાં માહિતી આપવાથી તેમને કયુ નુકશાન થાય છે તે જણાવવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/આ.નં.૫૨૩ તા.૩–૧–૧૧ થી પૂરક વિગતોમાં નોધ વિભાગ,અરજદારની મુળ અરજીની નકલ, અરજદારને માહિતી અંગે નાણા ભરવા પાઠવેલ પત્ર સા.ઝોન અકણ /આરટીઆઈ ૩૮૧ તા. ૧૮/૧૧/૧૦ ના પત્રની નકલ તથા યુપીસી પુરાવાની નકલ, અરજદારને આપેલ માહિતી અંગે પત્ર નં. સા.ઝોન અકણ આરટીઆઈ ૩૯૮ તા.૨૭/૧૧/૧૦ થી આપેલ માહિતી પત્રની નકલ તથા તેની યુપીસી પુરાવા ની નકલ , અરજદારે માહિતી પેટે ભરેલા નાણા અંગેની તા.૨૨/૧૧/૧૦ રસીદની નકલ , શ્રી બાબુભાઈ પૂનમાજી મીસ્ત્રીએ તા.૧૬/૫/૦૯ ના રોજ ભરેલ નામ ટ્રાન્સફર ફોર્મ નં. ૧૧૫૬૬ ની નકલ, તા.૧૩/૫/૦૯ ના રોજ ટેક્ષ ભર્યાની રસીદની નકલ, જશોદા દેવીનું નામ જત્નો દેવી હોવાનું તથા તેમનું મૃત્યુ અંગેનું અનુક્રમે તા.૪–૫–૦૬ તથા ૧૨–૪–૦૬ના પ્રમાણપત્રોની નકલો ભર્યાની રસીદની નકલ, બાબુભાઈ એ પુનમાજી મિસ્ત્રી તા. ૧૦/૧૦/૧૦ ના રોજ ભરેલ નામ ટ્રાન્સફર ફોર્મ નં. ૨૭૭૧૨ ના ફોર્મની નકલ , તા.૧૪/૧૦/૧૦ના રોજ ભરેલ ટેક્ષની નકલ અત્રેના વિભાગને મળેલ છે. જયારે અરજદાર તરફ થી પુરક વિગતો નો તા.૩૦/૧૨ /૧૦ નો પત્ર તા.૩/૧૧/૦૮ ના રોજ ભરેલ ટેક્ષની નકલ,તા.૧૬/૫/૯૬ ના રોજ જશોદા બેન તે પુનમાજી ચમનાજી મીરચીની વિધવાએ કરેલ વીલ યાને વસિયતનામાની નકલ , અરજદારે ન્યાયીક મેજીસ્ટ્રેટ બાલી જીલ્લા પાલી ના મુકદમાની તા.૧૨ /૫/૦૯ ની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા.૨૭–૧૦–૧૦ ની અરજીથી મુદ્દા નં.(૧) મ્યુ. ટેના નં.૨૭સી–૧૫–૩૩૨૧–૦–૦૦૧ થી ૦૦૪ કે જે અંબર કોલોનીમાં આવેલા પ્લોટ નં.૨૦૫ વાળી મિલ્કતને લગતો છે તેના એસેસમેન્ટ રજીસ્ટરમાંથી નામ કમી કરી બાબુભાઈ પુનમાનજી મીસ્ત્રીનું નામ જે દસ્તાવેજ પુરાવાના આધારે દાખલ કર્યુ હોય તેની નકલ તથા નામ કમી કરતાં પહેલા તેની જાણ કરવા માટે જો કોઈ કાર્યવાહી કરવામાં આવી હોય તો તેની માહિતી આપશો. મુદ્દા નં.૨ હાલમાં એસ ેસમેન્ટ રજીસ્ટરમાં નામ દાખલ કરવા માટે કોઈએ અરજી આપી છે તેની માહિતી તથા અરજી તેની સાથે રજૂ કરેલ દસ્તાવેજી પુરાવાની નકલ ( માહિતી સને ૨૦૦૮–૦૯ થી તા.૨૬–૧૦–૧૦ સુધીની) ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન ખાતે કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી માહિતી મેળવવા અંગે પત્ર નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/આ.નં.૩૮૧ તા.૧૮–૧૧–૧૦ થી માહિતીના પાના નંગ–૯ ના પ્રતિ પાના દીઠ રૂા.૨/– લેખે કુલ રૂા.૧૮/– જમા કરાવવાનું ફરમાવવામાં આવેલ. જે જમાં કરાવી માહિતી દસ્તાવેજી નકલો મેળવવા જણાવેલ. જે અંગે અરજદારે તા.૨૨–૧૧–૧૦ ના રોજ સ્ક્રોલ નં.૬૦૦/૯ થી ઉધનાઝોન ખાતે જમા કરાવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/૩૯૮ તા.૨૭–૧૧–૧૦ થી આંશિક માહિતી પૂરી પાડવામાં આવેલ અને આંશિક

માહિતી ખાનગી વ્યકિતની ગણી ઈન્કાર કરવામાં આવેલ. પૂરી પાડવામાં આવેલી માહિતીમાં (૧) બાબુભાઈ પુનમાજી મીસ્ત્રીનું નામફેર ફોર્મ નંબર ૧૧૫૬૬ ની ઝેરોક્ષ નકલ.(૨) મ્યુ. વેરા રસીદ નં.૬૬તા.૧૩–૫–૦૯ ની ટેક્ષ ભરપાઈ કર્યાની નકલ. (૩) કાર્યાલય ગ્રામ પંચાયત માટુંડ (પ.સ.બાલી) તા.૪–૫–૦૬ ના પ્રમાણપત્રની નકલ. (૪) જત્નોદેવીની તા.૧૨–૪–૦૬ ના મૃત્યુ પ્રમાણપત્રની નકલ, શ્રી અમરસિંહભાઈ અરજણભાઈ રબારીનું નામફેરનું ફોર્મ ૨૭૭૧૨ તા.૧૦–૧૦–૧૦ ના રોજ રજૂ કરેલ તે. મ્યુ. વેરા રસીદ નં.૧૧૫૪ તા.૧૪–૧૦–૧૦ ની નકલની માહિતી અરજદારને અંશતઃ પૂરી પાડવામાં આવેલ છે. વધુમાં અરજદારને અંશતઃ માહિતી ખાનગી વ્યકિતની ગણી નહીં પૂરી પાડેલ માહિતીની વિગત પૂરી પાડવામાં આવેલ છે.(૧) શ્રી જશોદા પુનમાજી મીસ્ત્રીએ તા.૧૧–૧–૯૯ ના રોજ લખેલ વસિયતનામું (૨) અમરસિંહ અરજણભાઈ રબારીએ બાબુભાઈ પુનમાની મીસ્ત્રી પાસે લખાવી લીધેલ વેચાણ દસ્તાવેજની માહિતી ખાનગી ગણીને અંશતઃ માહિતી આરટીઆઈ એકટની કલમ–૮(૧)(ઠ) હેઠળ ઈન્કાર કરેલ છે તેથી પૂરી પાડેલ નથી. પરંતુ તેની વિગતો જણાવેલ છે. તેમજ પ્રકાશભાઈ પુનમાજી મીસ્ત્રીનું નામ કમી કરતાં પહેલાં તેઓને તે અંગે જાણ કરવા બાબતે કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી તેવું જણાવેલ છે. જે બાબતે અરજદારે મળેલા પ્રતિભાવમાં માંગ્યા મુજબની પૂરેપૂરી માહિતી નહીં. હોવાનું તથા માહિતી અધૂરી અને મોડી આપવામાં આવેલ છે તેવું જણાવી તા.૭–૧૨–૧૦ ના રોજ અપીલ અરજી કરવામાં આવેલ છે.જેમા(૧) અરજદારે અપીલમા માહિતી એક દિવસ મોડી મળ્યાનીરજુઆત કરેલ છે. (૨) અરજદારે તા.૧૧–૧–૧૦ ના કહેવાતા વસિયતનામા તથા અરજણભાઈ રબારીએ કરેલ વેચાણ દસ્તાવેજ માહિતી ખાનગી અને વ્યકિતગત હોવાના નિર્ણય ખરો અને કાયદેસર નથી. તેવી રજૂઆત કરેલ છે. (એ) સુમપા અર્ધસરકારી સંસ્થા હોવાથી તેના રેકર્ડ ઉપર આવેલા દસ્તાવેજોની નકલ તે "માહિતી ખાનગી/વ્યકિતગત હોવાના કારણો દર્શાવી આપી નથી. (બી) એસેસમેન્ટ રજીસ્ટરમાં નામ સંમતિ વગર કમી કરી બાબુભાઈ મીસ્ત્રીનું નામ દાખલ કરવામાં આવેલ જે દસ્તાવેજના આધારે ફેરફાર થયો અને મારું નામ કમી થયું તેની નકલ મેળવવા હકદાર છું. (સી) એસેસમેન્ટ રજીસ્ટરમાં ફેરફાર વીલના આધારે કરવામાં આવેલ હોવાનું જણાવેલ છે. જશોદાબેન તેમના માતૃશ્રી થાય છે અને તેઓ તેમના કાયદેસરના પુત્ર હોવાથી વીલની નકલ ખાનગી અથવા વ્યકિતગત માહિતી ગણી શકાય નહીં. (ડી) અમરસિંહ અરજણભાઈ રબારીએ કરી લીધેલ વેચાણ દસ્તાવેજ રજીસ્ટર થયેલ હોવાથી તે દસ્તાવેજ તથા ઈન્ડેક્ષની નકલ સબ રજીસ્ટર કચેરીના ઈન્ડેક્ષ રજીસ્ટરનો ઉતારો હોવાથી તે બંને ભારતીય પુરાવાની કાયદાની કલમ–૭૪ મુજબ પણ જાહેર દસ્તાવેજ ગણાય તેવી રજૂઆત કરી દાદમાં (૧) નામ કમીના આધારભુત દસ્તાવેજની નકલની માંગણી કરેલ છે. (૨) અમરસિંહ રબારીએ રજીસ્ટર વેચાણ દસ્તાવેજ અને રજીસ્ટ્રેશન નંબર તથા તારીખ અને દસ્તાવેજી પુરાવની નકલની માંગણી કરેલ છે. (૩) અરજદારે માહિતી સમયસર નહીં આપવા અને અધૂરી માહિતી બાબતે જાહેર માહિતી અધિકારીને આરટીઆઈ એકટની કલમ–૨૦(૧) મુજબ દંડની રજૂઆત કરેલ છે. (૪) માહિતી સમયસર નહીં આપવા અને અધૂરી માહિતી માટે નુકશાનમાં ઉતરવા વળતરની માંગણી કરેલ છે.(૫) બીજા અન્ય મુનાસબ હુકમની માંગણી કરેલ છે.(૬) અપીલનો ખર્ચ જાહેર માહિતી અધિકારીએ ચૂકવવાની રજૂઆત કરેલ છે. જયારે બાબુભાઈ પુનમાજી મીસ્ત્રીએ અપીલ તબકકે અરજદારને માહિતી આપવાથી આપને કયું નુકશાન થાય છે તે અંગે જણાવવામાં આવેલ પરંતુ તેઓ તરફથી કોઈ વિગતો રજૂ કરેલ નથી.

અરજદારની અપીલમાં મુદ્દાનં.૧ ની રજૂઆત બાબતે જાહેર માહિતી અધિકારીએ અરજદારને નિયત સમય મર્યાદામાં તા.૧૮–૧૧–૧૦ ના રોજ નાણા ભરી માહિતી મેળવવા પત્ર પાઠવેલ છે જે અંગે અરજદારે તા.૨૨–૧૧–૧૦ ના રોજ નાણા ભરપાઈ કરેલ. તેમજ અરજદારને તા.૨૭–૧૧–૧૦ ના રોજ માહિતી પૂરી પાડેલ છે. આરટીઆઈ એકટની કલમ–૭(૩) હેઠળ દસ્તાવેજ ફી ભરવા લખેલ પત્ર અને દસ્તાવેજ ફી ભર્યા તારીખનો સમયગાળો દિન–૩૦ ની અવધિમાં ગણવાપાત્ર થતો નથી તે ધ્યાને લેતાં તા.૧૮–૧૧–૧૦ નો ફી ભરવાનો પત્રથી તા.૨૨–૧૧–૧૦ ના રોજ અરજદારે ભરેલ ફી નો સમયગાળો દિન–૩૦ ની અવધિમાં ગણી શકાય નહીં. તે જોતાં તા.૨૭–૧૦–૧૦ ની અરજીની જાહેર માહિતી અધિકારીએ તા.૨૭–૧૧–૧૦ ના રોજ આપેલ માહિતી સમય મર્યાદામાં છે જેથી વિલંબ અંગેની અરજદારની રજૂઆત કાયદાકીય જોગવાઈથી સુસંગત ન હોઈ ગ્રાહય રાખવાપાત્ર નથી. વધુમાં અરજદારે અપીલ અરજીમાં માંગ્યા મુજબની અને અધૂરી માહિતી બાબતે પણ તેવી માહિતી ખાનગી તથા વ્યકિતગત માહિતી ગણેલ હોઈ આરટીઆઈ એકટની કલમ– ૮(૧)(ઠ) હેઠળ ની જોગવાઈ મુજબ અંશતઃ માહિતીનો ઈન્કાર કરેલ છે પરંતુ તેની વિગતો જણાવેલ છે. જે કાયદા સાથે સુસંગત છે. પરંતુ અરજદાર પ્રકાશભાઈ પુનમાજી મીસ્ત્રી અને બાબુભાઈ પુનમાજી મીસ્ત્રી બંને ભાઈઓ હોવાનું વસિયતનામાની નકલ તથા અન્ય કોર્ટમાં કરેલા દાવા વિગેરે ઉપરથી માનવાને કારણ છે. વધુમાં વસિયતનામામાં પ્રકાશભાઈ પુનમાજી મીસ્ત્રી તથા બાબુભાઈ પુનમાજી મીસ્ત્રી સદર મિલ્કતના વસિયતદારના હિત ધારકો તથા પક્ષકાર જણાયેલ છે. ત્રાહિત વ્યકિત માટે જાહેર માહિતી અધિકારી તેમને આપવા જોગ માહિતી ખાનગી અને વ્યકિતગત ગણી શકે પરંતુ અત્રે એ પણ પ્રસ્તુત છે કે અરજદાર પણ વસિયતનામાના એક પક્ષકાર હિતધારક હોઈ તેઓ પાસે પણ તેની નકલ હોવી અનુમાનિત છે. આરટીઆઈ એકટની કલમ–૮(૧)(ચ) હેઠળ વિશ્વાસનીય સબંધ હેઠળની માહિતી ગણી શકાય. આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨(જે) હેઠળ માહિતી અને માહિતી અધિકારની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તા મંડળની પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે. વધુમાં અરજદારને અંશતઃ માહિતી પૂરી પાડેલ છે અને કલમ–૮(૧)(ઠ) બાબત હેઠળની વિગતો પણ જાહેર માહિતી અધિકારીએ જણાવી ફકત તેની દસ્તાવેજી માહિતી ખાનગી અને વ્યકિતગત ગણી ઈન્કાર કરેલ છે. પરંતુ અરજદારની વસિયતનામાની નકલ અને

કોર્ટમાં દાખલ કરેલ દાવાઓ વિગરે પેપર્સ જોતાં અને અરજદાર હિત ધારક હોવાથી તેમજ તેવા દસ્તાવેજ કે ઈન્ડેક્ષ પણ જાહેર દસ્તાવેજ હેઠળ આવી શકે. જે અરજદારે નામ ટ્રાન્સફર અંગે પુરાવા તરીકે રજૂ કરેલ છે તેમાં ખાનગી જાહેર કરેલ હોય તેવું જણાતું નથી. વધુમાં અરજદાર હિત ધારક હોવાથી તેમજ તેમના હિતને સ્પર્શતો હોઈ અને મર્હુમ જશોદાબેન અરજદારના પણ માતૃશ્રી હોઈ તેઓએ રજૂ કરેલ વીલમાં તેમની માતાએ અંગત મિલ્કત જણાવી અને તેમના નામનું વીલ કરેલ હોઈ તેવા સંજોગોમાં હિતધારક તેવા દસ્તાવેજની માંગણી કરી શકે તેમજ તેમના તરફથી તેવી મિલ્કતના દસ્તાવેજ તૈયાર કરી અન્યને વેચાણ કરેલ દસ્તાવેજોની માંગણીનો આગ્રહ પણ હિત ધારક તરીકે કરી શકે.

ત્રાહિત શ્રી બાબુભાઈને પણ અપીલ તબકકે જાહેર માહિતી અધિકારીએ ઈન્કાર કરેલ બે દસ્તાવેજની માહિતી જાહેર કરવાથી તેમને થતી હાનિ અંગે તેમનો પક્ષ રજૂ કરવા તક આપવા છતાં તેમણે કોઈ રજૂઆત કરેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૭–૧૦–૧૦ ની અરજીથી માંગેલ માહિતી પૈકી જાહેર માહિતી અધિકારીના તા.૨૭–૧૧–૧૦ ના પત્રથી ઈન્કાર કરેલ જશોદાબેન પુનમાજી મિસ્ત્રીએ તા.૧૧–૧–૦૯ ના રોજ લખેલ વસિયતનામુ તથા અમરસિંહભાઈ અરજણભાઈ રબારીએ શ્રી બાબુભાઈ મિસ્ત્રી પાસે લખાવી દીધેલ વેચાણ દસ્તાવેજની નકલોની માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૩) સાથે નિયમ–૫ હેઠળ નિયત દસ્તાવેજ ફી ભરપાઈ કરાવી પૂરી પાડવા એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧–૧૧

ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)..જાણ તથા અમલ માટે .
(૨) શ્રી પ્રકાશભાઈ પુનમાજી મીસ્ત્રી,